ગુંદરી ચેકપોસ્ટ પરથી ૨૦ લાખની કિંમતનો દારૂનો જથ્થો ભરેલી ટ્રક ઝડપાઈ



## સંક્ષિપ્ત સમાચાર

### ઊંઝાના ટુંડાવ ગામે બંધ મકાનના તાળા તોડી ૬૨ હજારની મત્તાની ચોરી

ઊંઝા વિસ્તારમાં મિલકત વિરૂદ્ધના વધતાજતા ગુનાઓને અટકાવવામાં તેમજ આવા ગુનાઓના ભેદ ઉકેલવામાં પોલીસતંત્ર નિષ્ફળ નીવડતા લોકોમાં ભયની લાગણી ફેલાઈ છે.

ઊંઝા તાલુકાના ટુંડાવ ગામે ગણેશપરામાં રહેતા પટેલ વિનોદભાઈ ખેમાભાઈ રાત્રીના સમયે પોતાના મકાનના ઉપરના મજલે પરિવારજનો સાથે સુઈ રહ્યા હતા ત્યારે મધરાત બાદ કોઈ તસ્કરોએ મકાનના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ તિજોરી તોડી અંદર પડેલ રૂપિયા દસ હજારની રોકડ રકમ તેમજ સોનાચાંદીના દાગીના મળી કુલ ૬૨,૬૦૦ની કિંમતની મત્તાની ઘરફોડ ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ઉનાવા ગામે મહાકાળી માતાજીનો પાટોત્સવ યોજાયો

ઊંઝા નજીકના ઉનાવા ગામે વણકરવાસમાં આવેલ શ્રી મહાકાલી માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૨૦૧૪માં યોજાયો હતો. જે અંતર્ગત તા. ૧૩-૨-૧૬ને શનિવારના રોજ બીજો પાટોત્સવ યોજાયો હતો. આ દરમિયાન મંદિરના પરિસરમાં યજ્ઞ યોજાયો હતો. જેમાં મહોલ્લાના વ્યક્તિઓએ યજ્ઞમાં આહુતિ આપી ધન્યતા અનુભવી હતી. મહોલલ્લાની એકતા જળવાય અને બધા આર્થિક રીતે સક્ષમ બને તેમજ ધંધા રોજગારમાં પ્રગતિ કરે તેવી માતાજીને પ્રાર્થના કરી હતી.

### ખેડબ્રહ્માના સિવિલ રોડ પર બે દ્વારનું ખાતમુહૂર્ત

ખેડબ્રહ્માના હાર્દ સમા સિવિલ રોડ ઉપર શુક્રવારના રોજ આચાર્ય તુલસી તથા આચાર્ય મહાપ્રજ્ઞજીના નામના બે દ્વારનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. ખેડબ્રહ્મા તેરાપંથ સભા અને પ્રમુખ શંકરલાલ બોથમલના સક્રિય પ્રયત્નોથી આ બે દ્વારની નગરપાલિકા દ્વારા મંજુરીની મહોર મારવામાં આવી હતી. સિવિલ રોડ ઉપર લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે હાઈવેથી ૩૮ ફૂટના અંતરે તેરાપંથ ધર્મ સંઘના નવમા આચાર્ય તુલસી અને દસમા આચાર્ય મહાપ્રજ્ઞજીના નામથી બે દ્વારનું નામ કરણ કરવામાં આવશે. આ પ્રસંગે મેજીસ્ટેટ મામલતદાર વી.બી. મકવાણા, પાલિકા પ્રમુખ સાગરભાઈ પટેલ, કારોબારીના ચેરમેન પ્રવિણસિંહ સોલંકી, સર્વેયર રાજુભાઈ જાની, આર.આર. જાની, જેઠાભાઈ કે. પટેલ સહીત મોટી સંખ્યામાં ગ્રામજનો અને પાલિકાના સદસ્યોની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત વિધિ સંપન્ન કરવામાં આવી હતી.

# દિયોદરમાં વીજ જોડાણ કાપી દેવાતા સ્ટ્રીટ લાઈટોની રોશની અંધકારમાં ફેરવાઈ

દિયોદર, તા. ૧૪

દિયોદર હાઈવે પર લાખ્ખોના ખર્ચે સ્ટ્રીટલાઈટોની સુવિધા ઉભી કરવામાં આવેલી છે. ત્યારે આ વીજ જોડાણ કાપી દેવાની ફરજ થઈ પડી હતી. વીજકંપનીએ વીજ જોડાણ કાપી દેતા રોશનીથી ઝગમગતો હાઈવે વિસ્તાર રાત્રી દરમ્યાન અંધેર વહીવટને લીધે નગર અંધકારમાં ફેરવાઈ જવા પામ્યુ છે. ત્યારે તસ્કરોના લીધે અસલામતી બનેલ નગરના હાઈવે વિસ્તારમાં



સ્ટ્રીટલાઈટોની રોશનીથી સમગ્ર હાઈવે વિસ્તાર ઝગમગી ઉઠતો હતો. જેથી રાત્રી દરમ્યાન હાઈવેની રોનકને નિહાળવા નગરજનો દોડી આવતા હતા. પરંતુ છેલ્લા છ મહિના ઉપરાંતના સમયથી ગ્રામ પંચાયત તરફથી સ્ટ્રીટલાઈટોના માંગણા બીલો નહી ભરાતાં આખરે આ બીલોની રકમ ૪ લાખ જેટલી તોતીંગે પહોંચતા વીજકંપની તરફથી વારંવાર સુચન કરવા છતાંય પંચાયત તરફથી વીજબીલ ભરવામાં ઘોર ઉદાસીન સેવાતા આખરે વીજકંપની તરફથી હાઈવે વિસ્તારની સ્ટ્રીટલાઈટોના અંધકારમાં ફેરવાઈ જવા પામ્યો છે. સરકાર તરફથી ઓકટ્રોય નાટકીયરૂપે ગ્રામ પંચાયતને પ્રતિમાસ લાખ્ખોની રકમ ચૂકવાઈ રહી છે, મીલ્કત ધારકો પાસેથી ૪૦૦ ટકાના તોતીંગ વધારા સાથે મીલ્કતવેરાઓની વસુલાત કરાઈ રહી છે. અરે પ્રજા પાસેથી સ્ટ્રીટલાઈટોના વેરાઓ પણ વસુલાઈ રહ્યા છે.

ત્યારે પ્રજાના વેરાઓ વસુલતી પંચાયત વીજકંપનીના વીજ બીલની માંગણાબીલો છ મહિનાથી કેમ ભરતી નથી, પ્રજાના વેરાઓનો વહીવટ ક્યાં થઈ રહ્યો છે, પંચાયત રાત્રીના અંધકારથી તસ્કરોને મોકળુ મેદાન મળી રહે તેમ છે. તેમજ અંધકારને લીધે અકસ્માતોના બનાવોથી પણ દહેશત સેવાઈ રહી છે. ત્યારે નગરના આ સામુહીક પ્રશ્ને પંચાયતના સદસ્યો, રાજકીય પક્ષોના આગેવાનો, નગરના કહેવાતા જાગૃત પ્રતિનિધિઓ અજાણ કે પછી અજાણ બની નગરના આ પ્રશ્ને આંખ આડા કાન કરી રહ્યા છે. દીયોદરની પ્રજા અંધકારમાં ધકેલી દેતાં ગ્રામ પંચાયતના સત્તાધીશોને પ્રજા પ્રત્યેની ફરજો સામે પ્રશ્નો ઉઠી રહ્યા છે.

# દિયોદરમાં માનવ રહિત રેલવે ફાટક ૨૪ કલાક બંધ રહેતા ખેડૂતોમાં ઉગ્ર રોષ

દિયોદર, તા. ૧૪

બનાસકાંઠા જિલ્લાના છેવાડા વિસ્તાર ગણાતા દિયોદર તાલુકાના ગામડામાંથી પસાર થતી રેલવે લાઈન સુવિધા ઉપર ક્યાંક માનવહિત રેલવે ફાટક નથી તો ક્યાંક રેલવે ફાટક બંધ હોવાથી રસ્તા ઉપરથી પસાર થતા વાહનચાલકોને મોટી મુશ્કેલી વેઠવી પડી રહી છે. ત્યારે દિયોદર તાલુકાના લીલાધર ગામેથી અન્ય ગામ જવાના મેઈન રસ્તા ઉપર રેલવે ફાટક હોવાથી અહિ ગેટમેન ન હોવાના કારણે અહિંથી પસાર થતા વાહનચાલકોને બીજા રેલવે સ્ટેશન ઉપરથી ગેટમેન આવે અને રેલવે ફાટક ખોલે ત્યાં સુધી રાહ જોવી પડે છે. ગામલોકો અને ખેડૂતોએ આ અંગે વારમવાર રજુઆત કરી હોવા છતાં આ મોટી સમસ્યાનું હજુ સુધી કોઈ નિવારણ નહિ આવતા ખેડૂતો અને ગામજનોમાં તંત્ર સામે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

**ઈમર્જન્સી અથવા ડિલવરી હોય તો સાધન લઈ નીકળતા દર્દીને કલાકો સુધી રેલવે ફાટક ખુલે તેની રાહ જોવી પડે છે**



દિયોદર તાલુકાના લીલાધર ગામની સીમમાંથી પસાર થતી રેલવે લાઈન ઉપર રેલવે તંત્ર દ્વારા માનરહિત રેલવે ફાટક મુકવામાં આવ્યો છે. જેમાં આ રેલવે લાઈન ઉપર લીલાધર ગામથી રૈયા તથા સાલપુરા ગામથી દિયોદર તરફ આવવાનો મુખ્ય માર્ગ છે. તેમજ આ રેલવે લાઈન આજુબાજુ ૫૦થી ૬૦ ખેતરો આવેલા છે. જેમાં મોટા ભાગના ખેડૂતોને આ મુખ્ય રસ્તા ઉપરથી ગામમાં આવવા જવા માટે પસાર થવુ પડે છે. જો કોઈ ઈમર્જન્સી અથવા ડિલીવરી કે કોઈ અગત્ય કામ માટે જલદી નિકળવાનું થાય તો આ રસ્તાનો જ ઉપયોગ કરવો પડે છે. પરંતુ આ માનવરહિત રેલવે ફાટક ઉપર ૨૪ કલાક ગેટમેન ન હોવાથી દિવસ અને રાત્રીના સમય આ ફાટક બંધ રહે છે.

જેનાથી અહિંથી પસાર થતા ખેડૂતો અને ગામજનોને કલાકો સુધી રાહ જોવી પડે છે. અહિંથી પસાર થવા માટે વાહનચાલકોને ફાટકથી ચાલતા ચાલતા એક કિમી દૂર ધનકવાડા રેલવે સ્ટેશન ઉપર જઈ ફાટક ખોલવા માટે રજુઆત કરે છે. જેમાં ત્યાં હાજર ગેટમેન સ્ટેશનથી રેલવે ફાટક સુધી આવી આ માનવરહિત ફાટક ખોલે ત્યારે અહિથી સાધનો પસાર થાય છે. આ અંગે ગ્રામજનો અને ખેડૂતો વારમવાર રજુઆત કરી છે. પરંતુ હજુ સુધી આ સમસ્યાનું કોઈ નિવારણ આવ્યું નથી.

# ગુંદરી ચેકપોસ્ટ પરથી ૨૦ લાખની કિંમતનો દારૂનો જથ્થો ભરેલી ટ્રક ઝડપાઈ

પાલનપુર, તા. ૧૪

બનાસકાંઠા જિલ્માં દરરોજ મોટા પ્રમાણમાં રાજસ્થાનમાંથી વિદેશી દારૂનો જથ્થો નાના-મોટા વાહનોમાં ભરી ઘુસાડવામાં આવી રહ્યો છે. ત્યારે ગતરોજ પાથાવાડા પોલીસે બાતમીના આધારે ગુંદરી ચેકપોસ્ટ પાસેથી રૂ. ૨૦ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ભરેલી ટ્રક ઝડપી પાડી હતી. પોલીસે કુલ રૂ. ૩૫.૪૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી હતી.



પ્રાપ્ત માહિતી અનુસાર રાજસ્થાન રાજ્યમાંથી ગુજરાતમાં લવાતો ગેર કાયદેસર પરપ્રાંતિય દારૂની હેરાફેરી અટકાવવા સૂચના આપતા પાથાવાડા પોલીસે માર્ગો પર સઘન ચેકીંગ હાથ ધર્યુ હતુ. આ દરમિયાન ગત રોજ ગુંદરી પોલીસ ચેક પોસ્ટ પરથી વિદેશી દારૂ ભરેલી ટ્રક આવતી હોવાની બાતમી મળી હતી. આથી પોલીસે વૉચ ગોઠવી નાકાબંધી કરી હતી અને બાતમીની હકીકતવાળી ટ્રક નં. આર.જે. ૫૫.એ. ૪૮૮૭ને અટકાવી તેમા તપાસ કરતા વિદેશી દારૂ અને બિયરની કુલ ૪૮૧ નંગ પેટી મળી આવી હતી. પોલીસે રૂ. ૨૦,૩૭,૬૦૦નો દારૂનો જથ્થો રૂ. ૧૫ લાખની ટ્રક મળી કુલ રૂ. ૩૫,૪૯,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રકના ચાલક જુજારામ ગુમનારામ જાટ (રહે. લખવારા, તા. ચૌટન, જી. બાડમેર, રાજસ્થાન)ની ધરપકડ કરી હતી અને તેના વિરૂદ્ધ પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### આંતરસુંબાની મહિલાના ગળામાંથી સોનાનો દોરો ખેંચાયો

હિંમતનગર, તા. ૧૪

વિજયનગર તાલુકાના આંતરસુંબા ગામની જૈન મહિલા શુક્રવારે વિજયનગર ખાતે સંબંધીને ઘરે લગ્ન પ્રસંગે આવ્યા હતા. વિજયનગર બજારમાંથી પસાર થતા હતા જે સમયે બાઈક ઉપર આવેલા બે અજાણ્યા ઈસમો પૈકી પાછળ બેઠેલા ઈસમે મહિલાના ગળામાંથી રૂ. ૯૦ હજારના કિંમતનો દોરો ખેંચી લઈ ફરાર થઈ ગયા હતા. આ અંગે મહિલાએ શનિવારે વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વિજયનગરના મૂળ રહીશ અને આંતરસુંબા ખાતે દુકાન ધરાવતા વસંતભાઈ ઉત્તમચંદ સંઘવી પોતાના પિતરાઈ ભાઈના દિકરાના લગ્ન હોઈ શુક્રવારે વિજયનગર આવ્યા હતા. જેમના પત્નિ રંજનબેન દેરાસર નજીકથી બપોરે પસાર થઈ રહ્યા હતા તે સમયે બસ સ્ટેશન તરફથી હેલ્મેટધારી બે યુવકો બાઈક ઉપર આવ્યા હતા અને રંજનબેનની એકલતાનો લાભ લઈ તેમના ગળામાંથી ૩૫ ગ્રામનો સોનાનો દોરો ઝુંટવી લીધો હતો. જોકે રંજનબેન સંઘવીએ બૂમાબૂમ કરવા છતાં બાઈક સવાર ભાગી છુટવામાં સફળ થયા હતા.

# પાલનપુરની બે સોસાયટીના ત્રણ મકાનમાં પાંચ લાખની ચોરી

પાલનપુર, તા. ૧૪

પાલનપુર શહેરમાં ઠંડીને લીધે તસ્કરો બેફામ બન્યા છે. તસ્કરોએ શનિવારે રાત્રીના સમયે હાઈવે પરની રાધેશ્યામ અને સદ્‌ગુરૂ સોસાયટીમાં એક સાથે ત્રણ મકાનને નિશાન બનાવ્યા હતા અને રૂ. ૫ લાખથી વધુનો મુદ્દામાલ લઈ ફરાર થઈ ગયા હતા. આ ચોરીની ઘટનાને લઈ રહિશોમાં ફફડાટ ફેલાયો છે.

પાલનપુર શહેરના હીવે વિસ્તારમાં આવેલી રાધેશ્યામ અને સદ્‌ગુરૂ સોસાયટીના ત્રણ મકાનોને તસ્કરોએ અંધારાનો લાભ લઈ નિશાન બનાવ્યા હતા. તસ્કરોએ સદ્‌ગુરૂ સોસાયટીમાં રમેશ ચૌધરી અને આર. વી. ગઢવીના મકાનના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ મળી રૂ. ૧.૫૦ લાખ અને રાધેશ્યામ સોસાયટીમાં રહેતા કરણસિંહ વાઘેલાના ઘરમાંથી રોકડ સોના-ચાંદી મળી રૂ. ૩.૫૦ લાખનો મુદ્દામાલ ચોરી કરી પલાયન થઈ ગયા હતા. મોડી રાત્રે એક સાથે ત્રણ મકાનના તાળા તુટવાની ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા



પામી હતી. બીજી તરફ પોલીસ પેટ્રોલિંગ સામે પણ સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. ચોરીના બનાવો અટકાવવા માટે જિલ્લા પોલીસ વડા સઘન કામગીરી કરે તેવી માંગ પણ પ્રજાજનોમાં ઉભી થવા પામી છે. આ ચોરીની ઘટના મામલે પશ્ચિમ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ખેડબ્રહ્મામાં યુવકને કૂવામાં નાખી દેતા મોત

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા તાલુકાના મંજુપુરા ગામનો એક ઈસમ તેના બે સંબંધીઓ સાથે છુટાછેડા થયેલ પત્નીને મળવા જતા એક ઈસમને બાંધી કૂવામાં નાખી દઈ મોત નિપજાવવાના બનાવ સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં બે મહીલાઓ સહીત ચાર વિરૂદ્ધ ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર મંજીપુરાના રવીભાઈ તલકાભાઈ કોદરવીનુ લગ્ન બહેડીયાની કપીલાબેન સાયબાભાઈ પારધી સાથે થયા હતા. પણ થોડાક સમય પછી બંનેના છુટાછેડા થયા હતા. પણ રવીનું મન તેની પત્નિમાં લાગેલુ હતુ તેથી બહેડીયાના ઈંકેશભાઈ ફલજીભાઈ સોલંકી તથા તેના મામાનો દિકરો મુકેશભાઈ રણછોડભાઈ સોલંકી બુધવારે રાત્રે રવીભાઈના ટ્રેક્ટર ઉપર રવીભાઈની પત્નિ કપીલાને મળવા ખેડવા ગયા હતા. ખેડવા નજીક ટ્રેક્ટર ઉભુ રાખી રવીભાઈ તથા મુકેશભાઈ બંને રવીભાઈના સસરાને ઘેર ગયા હતા અને ઈન્કેશભાઈ ટ્રેક્ટર ઉપર બેસી રહ્યો હતો. રવીભાઈની સાસરીમાં તેની પત્ની કપીલા તથા સાસુ રજકાબેન ઘેર હતા. બંને સસરાને ઘરે પહોંચતા બંને મા દિકરીએ બંનેને પકડી લીધા હતા. બંનેએ બુમાબુમ કરી પણ એટલામાં ડુગરભાઈ રામાભાઈ પારધી તથા રાજુભાઈ સાયબાભાઈ પારધી ત્યાં આવી ગયા હતા અને રવીભાઈ તથા મુકેશભાઈને બાંધી દીધા હતા અને બાજુના કુવાની પાળ પાસે લઈ ગયા હતા અને ટ્રેક્ટર ઉપર બેસી રહેલ ઈન્કેશભાઈને પણ પકડી લાવ્યા હતા અને મંજીપુરા તલકાભાઈ મગાભાઈ કોદરબીને જાણ કરી હતી તેથી બધા ખેડવા દોડી ગયા હતા અને રવીભાઈ તથા ઈન્કેશભાઈને છોડાવી ઘરે લઈ ગયા હતા.

બીજા દિવસે રણછોડભાઈ સોલંકી તથા સોમાભાઈ ગોપીભાઈ સોલંકી, મશરૂભાઈ તાડાભાઈ સોલંકી સહીત અન્ય વ્યક્તિઓ ખેડવા ગયા હતા. ડુગરભાઈના કુવામાં લાશ હોવાની જાણ થઈ હતી. મનુભાઈ ભાડાભાઈ કુવામાં ઉતરી જોતા લાશ મુકેશભાઈની હતી. જ્યારે ઈન્કેશભાઈ તથા રવીભાઈ ઘરે આવેલ ત્યારે તેમને પુછતા તેમણે પણ કહ્યુ હતુ કે ડુગરભાઈ તથા રાજુભાઈએ મુકેશને કૂવામાં નાખી દીધો હતો.

રણછોડભાઈ વાઘાભાઈ સોલંકી રે. બહેડીયાએ ખેડવાના ડુગરભાઈ રામાભાઈ પારધી, રાજુભાઈ સાયબાભાઈ પારધી, કપીલાબેન તથા રજકાબેન સાયબાભાઈ પારધી વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં શનિવારે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ મોતના પગલે ડીવાયએસપી ટી.સી. પટેલ ખેડબ્રહ્મા દોડી આવ્યા હતા અને સ્થળ તપાસ સહીતની કાર્યવાહી શરૂ કરી હતી.

# અરવલ્લી જિલ્લામાં પશુઓમાં ખરવાનો રોગ જોવા મળતા પશુપાલકોમાં ફફડાટ

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગામે ગાયો અને ભેંસોમાં ખરવાનો રોજ જોવા મળતા પશુપાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. શિયાળાની ઋતુમાં ઠંડીના કારણે પશુઓમાં ખાસ કરીને ખરવાનો રોગ જોવા મળે છે. ખરવાના રોગના લીધે દુધાળા પશુઓનુ દૂધ એકાએક ઘટી જાય છે તેમજ પશુના સ્વાસ્થ્ય પર પણ અસર પડે છે. ખંભીસરમાં છેલ્લા કેટલાક દિવસોથી પશુઓમાં ખરવાનો રોગ જોવા મળતા પશુપાલકોમાં ફફડાટ વ્યાપ્યો છે. જે પશુઓમાં ખરવાનો રોગ જોવા મળ્યો છે તે પશુઓ ખોરાક લેવાનુ ધીરે ધીરે છોડી દીધુ છે. અને મોંમાંથી પાણી ટપકે છે જેના લીધે પશુઓ મરણતોલ હાલતમાં આવી ગયા છે. કેટલાક પશુપાલકોના જણાવ્યાનુસાર ખરવાની રસી મુકાવ્યા બાદ પણ પશુઓમાં આ રોગ જોવા મળ્યો છે. ખાસ કરીને ઠંડીની ઋતુમાં વારો આવ્યો છે. હાલ તો પશુપાલકો યેનકેન પ્રકારે પોતાના પશુઓને આ રોગથી બચાવવા બનતા પ્રયત્નો કરે છે ત્યારે



આ રોગ માથુ ઉંચકતો હોઈ પશુઓના દૂધના ઉત્પાદનમાં પણ ઘટાડો થઈ જતાં પશુપાલકોને આર્થિક નુકસાની ભોગવવાનો વેટેનરી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે પશુઓને રસીકરણ કરવામાં આવે તેવું પશુપાલકો ઈચ્છી રહ્યા છે.

# દિયોદરના કુવાણા ગામે ત્રણ સંતાનની માતાનું અગમ્ય કારણસર મોત અંગે ઘુટાતું રહસ્ય

દિયોદર, તા. ૧૪

દિયોદર તાલુકાના કુવાણા ગામે ત્રણ સંતાનોની માતાને તેના પતિએ મારઝુડ કરી સંતાનો સાથે કાઢી મુકી હતી. જેમાં ગત દિવસે આ પરણિતાનું અગમ્ય કારણસર મોત નિપજતા દિયોદર પોલીસે મૃતક પરણીતાનો મૃતદેહને પી.એમ. અર્થે મુકી તપાસ હાથ ધરી છે.

દિયોદર તાલુકાના કુવાણા ગામે રહેતી લીલાબેન માજીરાણાના લગ્ન ૧૫ વર્ષ અગાઉ વાવ તાલુકાના માકડા ગામે રહેતા ચકાજી વિહાજી માજીરાણા સાથે સમાજના રિત-રિવાજ મુજબ થયા હતા. લગ્નના સમયગાળામાં પરણિતાએ ત્રણ સંતાનને જન્મ આપ્યો હતો. જેમાં આજથી દસ દિવસ અગાઉ પરણીતાને તેના પતિએ તુ સારી નથી ગાંડી છે તેમ કહી મારઝુડ કરી તેના સંતાનો સાથે ઘરમાંથી કાઢી મુકી હતી. જેમાં પરણીતાના પિયર પક્ષવાળાએ ડિસા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર કરાવી હતી. જે અંગે પરણીતાએ દિયોદર પોલીસમથકે તેના પતિ વિરૂદ્ધ માનસિક ત્રાસ અને મારઝુડની ફરિયાદ નોંધાવી હતી. જેમાં ગત દિવસે આ પરણીતાનું અગમ્ય કારણોસર મોત નિપજતા પિયર પક્ષ દ્વારા દિયોદર પોલીસમથકે જાણ કરવામાં આવી હતી. જેમાં મૃતકની બહેન ગીતાબેન મનુભાઈ માજીરાણાએ ફરિયાદ આપાતા મૃતક પરણીતાને પી.એમ. અર્થે દિયોદર રેફરલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી. જે અંગે પોલીસે અત્યારે એડિ ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે. ત્યારે સાચી હકિકત પી.એમ રિપોર્ટ આવ્યા પછી ખબર પડશે પરંતુ અત્યારે પરણીતાના મોતનું રહસ્ય ઘુંટાઈ રહ્યું છે. અને તેમના ત્રણ સંતાનોએ પોતાની માતાની છત્રછાયા ગુમાવી છે અને પિતાએ તરછોડી દેતા ત્રણ બાળકો નિરાધાર બન્યા છે.